ખેતીવાડી પ્રથમ વીચાર.

પોથી બીજી, ભાગ ૧ લો.

વિચારનાર,

ખેતીવાડીના ઉપદેશક અને દ્રુક્ષદાગ્રજ્ઞ,
આદિતરામ સબુખરામ પારખી ઝાંબીવાળા,
વડનગરા ગૃહસ્થ નાગર,
પાટણકર—હાલમાં અમદાવાદ.



અમદાવાદ
ધી એડવર્ડ પ્રિન્ટીંગ પ્રેસ—ઠે. મુંબઈ બેંક પાસે.

આવૃત્તિ ૧ લી, પ્રત ૨૦૦૦
સંવત ૧૯૫૮ સને ૧૯૦૨
મુલ્ય. રૂ. ૦-૧-૦.

પ્રસ્તાવના

શ્રી

દેશની ખેતીવાડીમાં જે નુકશાનીઓ પ્રાપ્ત થાય છે તે ખેડુતો સમજી શકતા નથી અત્યાર સુધીમાં ખેડુતો ને સુધારવા જે પ્રયત્ન થાય્યો છે તે ખુદ ખેડુતોના કાનપર આવ્યો નથી ખેડુતો પોતાનુ જે કામ કરે છે તેમાં કયાં કયાં ભુલ છે, શી રીતે સુધારવી એ એમનાથી સમજાય તેને માટે આ પ્રયત્ન છે વધારેમાં એટલું છે કે ખેડુતો આવા નાના પુસ્તક જલદી લઇ શકે, શક્તીવાળા અને વાંચી શકે તેવા પોતાના ઘરમાં અને આખુ ગામ ચોરામાં ખેતીવાડીના આવા પુસ્તકની લાઇબ્રેરી ઓ રાખે એવી આ કર્તાની ઇચ્છા પુર્ણ થવા આ પ્રયત્ન શરૂ કર્યો છે. ગહન વીષયમાં જોખમદારી માથે લીધી છે તેમાં ઘણી ભુલોના સંભવ છે સુધારવાની સોચનાઓ માન સાથે કબુલ રાખીશું.

કર્તા.

ગુજરાત કાઠીયાવાડ અને કચ્છમાં જમીનના માલીક, તેમના કામદારો અને ખેડુત માટે.

કુવેતર ગામની ખેતી બાબતમાં ભાષણ.

ગુજરાત કાઠીઆવાડ અને કચ્છમાં જે ખેડુતો કુવાવાળા હોયછે; અને તેઓ આકાસીઆ મોહોલનુ ને કુવેતર મોહોલનુ એવું બંનેનુ વાવેતર કરે છે. તેમાં જે ગામમાં ઘણા કુવા હોય છે, તેમને કુવેતર ગામ કહેછે. પણ તેમ કરતા અચકાવું એજ સારૂ છે. માટે હાલમાં જે રીત કુવેતર કહેવાની છે તેના પેટા વર્ગ કરવા પડશે. એક વર્ગમાં એકલા પીત મોહોલથી જે ખેડુત ખેતી કરેછે. તે ખેતીમાં તેઓ એક વરસીઆ, બે વરસીઆ, બહુ વરસીઆ છોડ મોહોલ વાવેછે તેનો છે. બીજા વર્ગમાં પણ એકલા પીત મોહોલ કરેછે; પરંતુ તેમાં ફસલીઆ કે એક વરસીઆ છોડ મોહોલનું વાવેતર કરેછે; જેમ કાછીઆઓ શાક ભાજીનું વાવેતર કરેછે. ત્રીજા વર્ગમાં એક તરફ ઘણી જમીનમાં આકાસીઆ મોહોલનું વાવેતર કરવુ અને તેમાં થી કાંઇકને પાણી પાવુ અથવા રવીની કે ઉનાળુની ફસલમાં થોડી જમીનમાં વાવવુ અગર એમાંથી એક એટલે રવી અગર ઉનાળુ વાવેતર કરવું આવા કુવેતર કેહેવાતા ગામોમાં ત્રણ વર્ગછે.

કુવેતર એટલે પીત ખેતીમાં સામાન્ય વીચાર રાખવાનો તે

કુવાથી અગર પીતથી ખેતી કરી મોહોલ છોડને પકાવી ઉપજ લેવા ગરીબનું કામ નથી. કેમકે તે પાક પકાવવાનો જબરીનો હુનર છે એમ માનવાનુ છે, માટે કુદરતથી જે આકાસીઆ પાકને મફતની બક્ષીસ મળી ખેતીમાં પાક આવેછે. તેમાં જે ખરચ કરવો પડેછે; ને કરતાં પીતમાં વ-

ધારે ખર્ચ આવેછે. તેમાં મુખ્ય ખર્ચ પાણી માટે કરવો પડેછે. એટલે પાણી ની કીંમત આપવી પડેછે. માટે તેવા કીમતી પાંણી માટે શું શું વીચાર કરવા પડસે; તે ધાન્યમાં લેવું જોઇએ તે વીચારવું.

જે પાંણી જે જમીનમાં ફેરવીને જે મોહોલ છોડનો પાક લેવાનો હોય; તે જમીનને અને છોડ મોહોલને તે પાંણી માફક છે કે કેમ? કેમકે કેટલીક જમીનમાં પીત કરવાથી ખાર ઉત્તપન થઇ જમીન કસમાંથી બગડે છે, વલી કેટલાક છોડ મોહોલને પાંણી માફક આવતુ નથી, કેમકે ઘઊ ને મોલવણ કે ખારવણ પાંણી માફક આવતું નથી. માટે ઘઊની રવીના વાવેતરને મીઠા પાણીનું પીત કરવું જોઇએ, અને જવની રવીને મીઠું પાંણી માફક નથી; પણ ખારવણ કે મોલવણ પાંણી માફક છે. તેથી જવ ની રવીને તેવું પાંણી આપવું મીઠુ આપવું નહી વળી કેટલાએક પાણી એવાં છેકે એક વરસ પીત કરૂકે; સાત વરસ સુધી તે જમીન વાવેતરની લા અકાતમાંથી બાદ થાયછે. નદી તળાવ કે બંધમાંની નેહેરથી એઠું પાણી મોહોલને લાવી આપવાથી તે પાંણી જમીનને ઠંડી પાડતી જાય છે. અને તેનાથી ઉછરેલા મોહોલ જેમ કોઇ રોગી હોય; તેની માફક ઉછરેછે, અને કુવામાંથી ખેંચી ને છોડ મોહોલને પીત કરવામાં પાણી આપવાથી, કોઇ નીરોગી હોય; તેની માફક તે પીતના છોડ મોહોલ ઉછરેછે, તેથી પાંણી જમીનને કે મોહોલને માફક છેકે કેમ! એવું વીચારવું એ મુખ્ય અને પ્રથમ કાંમછે. બીજુ તેમાં વીચારવાનું કામ એવું છેકે, પીતની ખેતી જે ખરચ્ વાળી છે; માટે તેમાં ખર્ચની કરકસર કેમ થાય! એ વીચારવામાં જે મોહોલ છોડ વાવવા તે જમીનને, પાણીને અને જે રતુમાં વાવેતર કરતા હોઇએ તે રતુની હવાને વાવવાના છોડ મોહોલને માફક છે કે કેમ? તે વીચાર વું, જે રતુમાં જે મોહોલ છોડ વાવવા, તેનો પાક સારો આવે; કીંમત સારી મલવા જેવું હોય, અગર સારી કીંમત ઉપજે તેવો સારો માલ ઉતપન થાય. વળી જે માલ પેદા કરીએ તેની બજારમાં ખપતી હોય; અને ઘરાગી હોવી જોઇએ; વળી એવા પકાવેલા કોઇ પાકની અમુક મોસમમાં અગર અમુક પ્રસંગમાંજ ખપતી અને ઘરાઘી હોય તેમજ જે

વખતે પીઠ મળવાની હોય; તેવો માલ વાવેતર કરીને નીપજાવ્યો હોયતો, તે માલ તે વખત આવતાં સુધીમાં બગડે નહી; તેમજ ઉતપન કરનારને પીઠ આવતાં સુધી સીલીક રાખવાની સકતી જોઇએ; અગર તેવા માલનો વેપાર કરનાર વેપારીઓ ઘરાઘ હોયછે તેવા ઘરાઘ જોઇએ; તે વીચારવું પડશે તેમજ ત્રીજુ એ વીચારવું પડશે કે જે પાણી પોતાના કામમાં મલવાનું છે તે કદાપી નેહેર કે કુવાથી મલવાનું હોય; તો તેનો રાત અને દીવસ વેહેતો પ્રવાહ જે પ્રમાણમાં રાખીએ અને તેમાં તુટ ન પડવા દેવાથી જેટલી વખતમાં જે જમીનમાં પાણી મુકયું છે; તેને જોઇએ તેટલું તે પીએ તો તે કેટલી જમીન પલાળી શકેછે; અગર ફેરવી શકેછે, તે વીચારવું, પાણીનો જેટલો પ્રવાહ વેહેવરાવવાને જે સંજોગો હોવાથી, તમે આટલું પાણી વેહેવરાવવાનો સંભવછે, અગર તેવો સંભવ માનું છું. કે માનતા હો; તે મુજબ તેમાં વેહેવરાવવાથી આટલી જમીનમાં પાણી એક દીવસમાં ફરી વળસે એમ તમે નકકી કરો તે વખતે તેપાણી કેટલે દુરથી આવવાનું છે તેમાં શું શું અકસ્માત કે હરકતો આવવાથી કદાપી પાણી અટકી પડે તો તે અકસમાત કે હરકતથી જે પાણીની ખોટ આવે તે ખોટ પુરી પાડવાના કાંઇ ઇલાજ છે.

અગર તે નુકસાન કે ખોટ પોતાના નફામાં આડે આવી નુકસાન કરે તેવી છે? તે વીચારવું આ વીગેરે બાબત વીચારી એક દીવસમાં આટલી જમીનમાં પાણી ફેરવી શકીશું એમ નકકી કરી, પછી તેમાં કીયા મોહોલ કેઇ રતુમાં વાવવાના છે. વળી તે મોહોલને કેટલા દીવસે પાણી આપવાના જરૂરછે? તે વીચારવું પડસે વળી તેમાં વધારેમાં એ વીચારવું પડસે કે જે મોહોલ વાવીએ તે વખત નાના હોય તેથી વધારે પાણીની ખપ પડતી નથી, તેથી કેટલાદીવસે કેટલું પાણી જોઇશું, તેમ તેને પાકવાના મુદતમાં જે દીવસોમાં વધારેમાં વધારે પાણી જોઇતું હોય તે દીવસોમાં જેટલી જમીનમાં પાણી ફેરવી સકાતુ હોય તેટલી એક દીવસની જમીન ગણવી. તે વળી જેટલા દીવસે પાણી આપવું પડે. તેટલા ઘણી જમીનનું વાવેતર કરી શકાસે. માટે એ વીચારવુ પડશે. અને એ વીચારી જેટલી

જમીનનું વાવેતર જે મોહોલનું કરવામાં આવે તેમાં આટલો પાક આવવાનો અનુમાન છે, અને અનુમાનમાં જેટલો પાક થવાને માન્યો, તેમાંથી પાણીની કીંમત, બીજની કીંમત, પોતાની મજુરીની કીંમત, આવલાં જમીન ભાડું વીગેરે જે ખરચ થવાનો અનુમાન માન્યા હોય તે તેમાંથી બાદ કરી પછી નફો મલસે કે કેમ? તે વીચારવું પડશે, અને ઉતપનને તેમજ ખરચને અકસ્માત આવે તો ? તેથી થતી નુકસાની ખમવાની પોતાની શકતી છે? અગર અકસ્માતનું નુકસાન બાદ કરી નફો મલશે અગર ખોટ ખમવી પડેતો ખમવાની શકતી છે! એ વીચારવું પડશે.

આકાશીયા કરતાં પીત મોહોલ જમીનનો કસ વધારે લઈ જાયછે, તેમજ ખરચાલ ખેતીમાં મોટો નફો મળવાની આસાએ મોંઘી કીંમતના કે વધારે પાક આપનાર મોહોલ વાવવા પડેછે, તેથી જમીનમાંથી કસ વધારે જાયછે, માટે તેમાં ખાતર વધારે જોઇએ છીએ માટે ખાતર પુષ્કળ મળી શકતું હોય તોજ પીત મોહોલની ખેતી કરી શકાય છે.

વળી દરેક કામ જેમ મોટા પાયાપર તેમ ખરચ ઓછું આવે છે, માટે ઓછો ખરચ આવવા વાવેતર લંબાવવું હોય, તો આટલા નીમ વીચારવા એકતો પાણી, પુરતું ખાતર મલી શકવું તેમજ જે વાવેતર કરયું હોય તે પાકે ત્યારે બગાડ થયા સીવાય અવેરી શકાવું જોઇએ. વળી અવેરવાની શકતી હોય પણ સંઘરવાની કે રાખવાની શકતી છે કે કેમ ? તે પણ વીચારવું પડશે, વળી કદાપી અમુક મોસમાંજ અવેરવું એમ હોય તેટલા વખતમાં અવેરી શકાય, તેટલું વાવેતર લંબાવી શકાય છે. વળી વાવેતર વધારી લંબાવી પાકનો વધારો કરયો, પણ દુનીયામાં તેની ખપતી હોય તે કરતાં વધારે પેદા થયું તો ઘરાકી મલશે નહી અગર નફો મળવાની આશા ઉડી જશે. માટે ઘરાકી હોય, અગર ઘરાકી સંભાળીને કરવાની જેમનામાં શકતી હોય, તેઓ પોતાનું વાવેતર લંબાવી સસ્તુ પાડી શકે છે. તમામ બાબતમાં વખતો વખત જે જે ખરચ કરવો પડે તે, અગર જોઇતી વસ્તુ ખપ વખતે તરત મળે, એવી પ્રથમ નાણા વીગેરેની સવડ જોઇએ.

બગીચાત એટલે કુવેતર ગામની વર્ગવારીમાં પહેલો વર્ગ.

પેહેલા વર્ગની પીતની ખેતી કરનાર જેમને બાગવાનો કહેવા પડસે. તેઓ પોતાના વાવેતરમાં એક વરસીઆ કે બે વરસીઆ અગર બહુ વરસીઆ છોડોનુ વાવેતર કરનારમાંના તેઓ હોય છે, તેમને જોઇતુ પાણી મળવાની તેમજ જોઇતુ ખાતર મળવાની મુખ્ય જરૂર છે. માટે જયાંહાં ધરબના એટલે અખુટ પાણીના કુવા હોય અને તેનુ તાંબુ ઓછુ હોય. અગર નેહેરથી અખુટ પુષ્કળ પાણી મળતુ હોય ત્યાંજ તે થઇ શકેછે તેમ તે મળતુ પાણી જમીનને માફકનુ હોય ત્યાંજ થાયછે. વળી જે મોહોલ છોડ કરવાના હોય, તેમાંથી જે પાક આવતો હોય, તેની ધરાકી કરતા આવડતી હોય તોજ થઇ શકેછેપણ ધરાકીની ખબરના હોય, અગર કેમ ધરાકી વધે એની ખબરના હોય, તે શું કરી શકે? જેમ અનનસ અને હાફુસની કેરીઓ વીગેરે સાફ કરી, સીસાકે બાટલીઓ તઇયાર કરાવી રાખેછે ને કમોસમે લોકોને ઉપયોગમાં લેવાની સવડ કરી આપી ધરાક કરીને તે શું કરેછે, તે આપણે જોઇએ છીએ. ગુજરાત કાઠીયાવાડ અને કચ્છમાં લીંબુ, જામફળ, સીતાફર, કેરી, વીગેરે ઉતપન કરી પકાવેછે, પણ તે માલ કમોસમે કામમાં સવડ કરી ધરાકી કરી શકતા નથી, તેમજ દાડમનો પાક જેટલો કરવો હોય તેટલો થઇ શકેછે પણ કમોસમે કામમાં આવવાની સવડ કરતા નથી, તેથી તેનું વાવેતર વધારી શકાતુ નથી. એ કામ તો મસ્કતને માટે છે આવા કારણથી આ ત્રણે પ્રાંતમાં બગીચા વાળા તો કોઇ છેજ નહી; તેમ તેના વેપારી પણ નથી; તેથી દેશમાં જાથુની ઉપજ વાળી ખેતી નથી, તેથી દેશમાં જોઇતા ફળ પણ પેદા કરી શકતા નથી, પર પ્રાંન્તો પરદેશોમાંથી મંગાવી પોતાની હાજતો પુરી પાડે છે, પરદેશ ધન મોકલેછે. તેથી તે વસ્તુઓ પરદેશ મોકલી ધન, મંગાવાની આશાજ હાલ કયાંછે? તે આશા કયારે થશે તેનો અનુમાન કરવ તરીકે વીચાર કરવા જેવુ પણ નથી કદાપી કોઇ રાજા કે રાજસતાએ કે કોઇ ધરમ સતાએ કે કોઇ લક્ષ્મી પુત્રોએ પોતાનાં સોખને માટે બાગવાન

ખેતી કરી બાગ બનાવ્યાછે, તેમાંતો ખરચ કરવાનો હીસાબજ નથી નફો લેવામાં તો પોતાનો શોખ પુરો કરવો એટલોજ હોયછે, તેથી તેમાંથી પૈસા કેમ ઉતપન થાય એ વાત હોતી નથી માટે તેમાં સુધારો કરવાનો વી-ચાર હોયજ નહી.

એક વરસીયા કે ફસલીયા મોહોલ વાવવાવાળા વર્ગ ૨ જો.

બીજા વર્ગના પીત મોહોલના છોડ કરનારા, દરેક શહેરમાં કસ્બામાં મોટાં ગામોમાં કે દરેક જગાએ ઘણા અગર થોડા અગર થોડા ભાગમાં ઘણું કરીને મળે છે. પણ તેઓ જે માલ પેદા કરેછે, તે માલ સંઘરવાની કે રાખવાની કે સમેટવાની કે અવેરવાની કળા એમનામાં જોવામાં આવતી નથી તેમને ઘરાખી કરવાની રીતની તો ખબરજ નથી તેમના વાવેતરમાં કાછીયાના વેપારમાં આવતા છોડ ઘણા હોયછે તેમાં બટાટા ડુંગરી લસણ વીગેરે હોયછે તે છોડ મોસમીછે ને સંગરતાં આવડે તો તે બારમાસી કામનાંછે પણ તેમ તેઓ કરી શકતા નથી, તેથી પાકવા પછી બગડવાની બીકથી નાંખી દેવાને ભાવે વેચીને આપી દેછે, બટાટા ડુંગરી એ મજુર વર્ગનો ખોરાકછે પણ ખોરાકમાં કેમ ઉપયોગમાં લેવા તેનો વીચાર થતો નથી એ ટલે તે ખેતી વધતી નથી માટે ઘણી નદીઓના તળની રેતીની જમીન પડતર રહેલી જણાયછે, હજારો મણ કાળાં બગડી ગયેલાં નજર પડેછે, તેમજ ભુરાં કોળા રાખવાના વીચાર થતાં નથાં તેથી લોકો દવાના પાકો માટે ફાં ફાં મારતાં જણાયછે તેમજ ફસલીયામાં જે શાકભાજી તે વાવવાના નીમ નહીં, તેને અવેરવાના નીમ નહીં, તેના દાખલામાં જોઇશું તો ભેંડા કાલેરા તુળીયાં મુળાં ગવાર ગલકાં દુધી વીગેરેનો જે માલ બજાર માં આવેછે તેમાંથા અડધો ભાગ ઉપયોગીને અડધા ભાગમાં કોહેલા ઘ-રડા સળી ગયેલા વીગેરે અનેક દુરગુણતા હોયછે, તેમાં ખેતરમાંથી લાવ-વાની નકામી મજુરી કેટલી નકામો તેમાં ખરચ કેટલો ને પોતાના ઘરાકને સારૂ વેચી લેવામાં મજુરીને કંટાળો ને વખતનું રોકાણ કેટલું ને પોતા

ના શ્રીમંત ઘરાકોના બાઈરોને હપકો કેટલો નીતીને કેટલું નુકસાન, બજારમાં તેવો માલ ફેંકી દેવાથી કંટાળો કેટલો, ગરીબ લોક વગર સમજથી ખાય તો રોગના ફેલાવની ધાસ્તી ને પોતાના ઢોરના ખોરાકમાં નુકસાન અગર ખાતરમાં નુકસાન તેનો વીચાર કરતાં અટકવું એજ સારૂ છે.

સેરડી કેળાં વીગેરેનું વાવેતર આ વર્ગમાં આવેછે તેમાં કેળાની ખેતીમાં શું નફો છે. તેના ઝાડનું થડ પાંદડા મુળ ફુલ અને ફુલ કેટલી કીંમતના છે તેમજ કીંમતીછે તે કોઇ સમજતા નથી એકલી ફુલની ઉપજપર આધાર રાખેછે પણ તેનો પાક આવવાની મોસમ અમુક રતુનીછે તેમાં પાકવાથી સસ્તા આપી દેછે કેમકે તેને સંઘરતા કે રાખતા આવડતું નથી તેથી બગડતાં કેમ રોકવું એ વીગેરે કામ તેમાં થતુ નથી. તેમ તેનું વાવેતર વધતુ નથી તેમજ શેરડીનું વાવેતર પુષ્કળ પાણી માગેછે ખાતર માગેછે મજુરી માગેછે બીજમાં ભારે ખરચ કરવો પડેછે ખેડ વધારે કરવી પડે છે તેથી તે મુંઘી પડેછે તેમાં સસ્તુ કેમ પાલવે? એ વીચારવાનુ કામછે જો વીચારીએતો! આપણને માલુમ પડેછે કે, આપણા દેશમાં પ્રથમ બંગાળામાં ખાંડ પાકતી તે આખા હીંદુસ્તાનમાં ખપતી ને આપણા પ્રાંતમાં આવતી. હવે મોરીસ બેટમાંથી આવેછે મોરીશની ખાંડે આપણી ખાંડનો નાશ કરયો, બંગાળી ખાંડ કરતાં તેમણે સસ્તી વેચી શકે એવું વીચારીને વાવેતર કરવા માંડયુંછે તેમાં વીચારવાની ઘણી બાબતોછે પણ એક બાબત ખેડુતો તરત સમજે તેવીતો એછે કે તેઓ એક વાર વાવીને બાર વરસ સુધી પાક લે છે, તેથી અગીયાર વાર ખેડવાની મજુરીને બીજના ખરચની કીંમત બચાવેછે માટે તેમને સસ્તુ પરવડે છે વળી વરસો વરસ પાક આવેછે એથી બાર વરસમાં અગીઆર પાક લેછે ને આપણે છ પાક લઇએ છીએ તેથી આપણને સસ્તુ ન પાલવ્યું, તેમાં આપણી ખાંડનો નાશ થઇ સેરડીનું વાવેતર નાશ પામ્યું છે માટે શેરડીનું વાવેતર સમજવું એ આપણુ કામછે તે કરવું જોઇએ એકંદરે ફસલીયા વાવેતર કરનાર પણ તેમાંજ શ્રીમંત થતાં નથી.

આકાસીયા ને પીતની મીશ્રન ખેતી કરનાર વર્ગ ૩ જો.

ગુજરાત કાઠીયાવાડ અને કચ્છમાં ત્રીજા વર્ગની ખેતી કરનાર ખેડુતનો વર્ગ ઘણો મોટો જોવામાં આવેછે અને દરેક જણ તેવું કરેછે એમ કહી એતો ચાલે તેવું છે તેમાં નફાને નુકસાન બંનેનો અનુભવ કરનાર ઘણાછે છતાં તેવી ખેતી કરનારજ શ્રીમંતમાં ગણાયછે.હાલમાં છપનો દુસ્કાલ પડી ગયોછે, સરવનો મત તેવી ખેતી કરવા તરફ ગયો છે તેમાં નફાને નુક્સાન કોઇ વીચારતા નથી તેમજ ખેતીએ ખોટનો ધંધો કેમ થઇ પડયો છે ? તે સમજવું એ આ વર્ગનુંજ કામ છે કેમકે એ વાત આ વર્ગમાંજ છે માટે આ વર્ગની વાતમાં વીચાર કરતાં મોટી ખોટ કયાંહાં છે તે સમજવાને એક ચણોતર આપણી પાસે નમુનો છે અત્યારે એક બાજુપર મુકી મીશ્રન ખેતી કરવામાં ફ્વેતર કરી શકાય કે નહીં તેનો વીચાર કરવા માંડી એતો ? મીશ્રન ખેતી બે બળદને જમીન બાર એકર કે પચીસ એકર વીઘા વાળાથી થઇ સકતી નથી એમજો કેહેવામાં આવેતો તે સાબીત માનવું તેને માટે પણ દાખલાની જરૂરછે એક ગામમાં બે ખેડુત તે બબે બળદને પચીસ પચીસ વીઘા જમીન એક સરખી જાતની જમીન વાળા છે તેમાં એક જણા એ કુવો કરાવ્યોછે તે મીશ્રન ખેતી કરેછે બીજો આકાશીયા ખેતી કરેછે એમને માટે એમ હીસાબ મુકવો કે સંવત ૧૯૫૭ની ફસલમાં દરેક જણાએ આઠ આઠ વીઘા બાજરી પાંચ પાંચ વીઘા જવાર ચાર ચાર વીઘા કઠોર બબે વીઘા કોદરા બંટી એક વીઘો ડાંગર એક એક વીઘો કપાસ આવી વીગતથી બંને જણાએ વાવ્યુંછે એકે ઘઉ વાવવા કુવા ઉપર ચાર વીઘાનું સાંખુ રાખ્યુંછે બીજા એ ચાર વીઘા સરસવ વાવવાનું સાંખુ રાખ્યુંછે હકીકત એમ બનીકે પાછળનો વરસાદ ન પડવાથી સરસવ સારા થયા નહીં કે પાક આવ્યો નહીં કુવા વાળાએ ઘહુની રવી કરી તેમાં હવા અનકુલ હોવાથી પાક સારો આવ્યો ને બસેં મણ ઘઉનો પાક પાકયો તે પકાવવાને કુવા વાળો ફાગણ માસ સુધી રોકાયો અને આકાશીયા વાળો જે સાંતી નક્ષત્રથી નવરો પડયો હતો તેથી એટલી મુદતમાં પોતાની એકવીસ વીઘા જમીનમાંથી જેમ ખાલી પડતી ગઇ અગર ખાલી થતુ ગયું તેમ ખેડતો ગયો ખોદતો ગયો ને પોતાના જે ખેતરમાં જમીનનું દર એછું હતુ તેમાં માટી નાંખતો ગયો તેથી ફાગણ સુધીમાં તમામ જમી

ન ખેડી ખોદી પોચી કરી મુકી, હવે આપણે તપાસવાનુ કે આ બે જણા માં કમાણો કોણ? આ સવાલ ઉભો કરીને વીચાર કરતાં શું જણાયછે? એમ પુછતાં કુવાવાળો કમાણો એમ તરતને માટે કોઇ કહેસે તો? તે વાત હું ન સાબીત કરી આપવા એમ બોલવાનો છુ કે? બે બળદવાળા ખેતી કારની ઢોર રાખવાની હાલત પર વીચાર કરતાં તેને ચાલીશ ગાડાં ખાતર ના થઈ શકે ચાર વીઘા કુવેતરમાં એટલુ ખાતર જોઇશું તેથી કુવા વાળા ને બીજી જમીન ખાતરવાડાની હોઇ શકે નહી. કુવામાં રવીનો પાક ઉ-તપન કરવામાં રોકાવાથી બીજી જમીન ઉનાળામાં તપાવવાને કે તપાવી કસ દાર કરવા વાસેલ માફક ખેડી ખોદી પોચી કરી શકે નહીં તેથી તે પોતા ની એક વીશ વીઘા જમીન કસ વગરની કરતો જાયછે, તેમાં પાક આવ તો નથી નીંદા મણ વધતુ જાયછે, ખેડવામાં મુસીબતો આવી મજુરી વધેછે તેથી તેમાંથી પાક લઇ શકતો નથી પરંતુ મજુરીને ખરચ તેને માથે નકામુ આવી પડેછે તેથી કુવામાંથી જે કમાણી કરી હોય છે તે એક-વીશ વીઘાના ખરચમાં ખોઇ નાંખેછે ને આકાસીયા વાળાની તમામ જ મીન કસ દાર તેથી તેમાંથી જે ઉત્પન આવે તેમ તેમાં ખરચ ઓછો તેમજ વરસો વરસ કસદાર જમીન પાક વધારે આપે છે માટે કુવા વાળા કરતાં આકાશીયા વાળો નફો પામેછે કેમકે આકાશીયામાં સરસવ એરંડા કે સુકની તમાકુ પકાવેછે અને અનકુળ હવાએ પાકયું તો? કુવાની રવી થી પેદાશ કરેલુ કામ તેની પાસે કાંઇ વીસાતમાં નથી વળી દર વરસ કાળ પડતો નથી દર વરસ વરસાદની તાણ હોતી નથી, કદાપી કવખતનો વરશી તાણબતાવે તો પોચી કરીને તપાવેલી જમીનમાં ભેજ રહેવાથી પા ક આવ્યા વગર રહેતો નથી તેમજ આકાશીયા વાળાની જમીન વધારે કસદાર તેથી અને વળી તેમાં તમામ જાતના છોડનું વાવેતર કરવાનુ, તે થી એકમાં હવા અનકુળ ન હોય તેમ બીજામાં અનકુળ હોય એથી તેને પાક આવ્યા વગર રહેતો નથી.

પણુ હાલમાં ખેડુતોમાં તમામ જમીન જેટલો કસ આપવાને લા-યક હોય, તેટલો કશ આપીને બરાબર કસદાર કરતા નથી. વળી એકનુ એક એટલે કપાસ તમાકુ એવુ મોટુ વાવેતર પોતાની તમામ જમીનમાં વાવવાથી, હવા અનકુળ ન આવી કે. તુરત મોટા ખોટના ખાડામાં આવે

છે. વળી બીજે વરસે પાંસરૂ આવે, તોપણ આગલની ખોટમાં તે નફો ચાલ્યો જાય છે. કુવામાં દર વરસ પાંસરૂ આવે એમ તો કોઇને બને નહીં માટે કુવાથી મીશ્રણ વાવેતર કરવું એજ ખેડુતોની હાલતને કઢંગી કરી નાંખનાર છે કેમકે કુવાવાળાથી પોતાની બીજી જમીન સચવાતી નથી અને બીજુ જમીનનુ નુકશાન ઉલટું કુવાની નીપજમાંથી આપવું પડેછે.

હાલમાં જે કુવાઓની સંખ્યા છે, તેમાંના ઘણા કુવાઓમાં પુરણ પાણી નથી. માટે ઘણા કુવાઓમાં પાણીની તાણ હોય છે તેથી મીશ્રણ વાલા પોતાની પીત ખેતી લંબાવી શકતા નથી. ટુંક પીત કરવામાં ઘણુંજ ખરચ આવે છે. વળી મોટા બળદ ખેડવામાં અને કોસ તાણવામાં હોય છે. વળી સુંઢીઓ કોસ? તેથી બળદને પાછે પગે ચાળે છે આથી મોટા બળદની ચાલ એવી તો બગડી જાય છે કે ખેડવાનુ કામ કરતી વખત તેમનાથી બરાબર કામ થતુ નથી, પણ ઓછુ કામ કરે છે. તેમાં જે નુકશાન આવે છે તે તો જુદુજ છે. આ વાત નક્કી કરવામાં આકાસીયા વાળાઓ પોતાની જમીનમાં બરાબર કામ કરે તો? અને કુવાવાળાને તો કુવામાં કામ કરવાનુ છે. તે પણ કરે જાય. એવા બે ખેડુતના દશ વરસ ની ઉપજને ખરચના આંકડા બરાબર રાખ્યા હોય આકસ્માત હવાની અનકુળના પ્રતીકુલતાના દાખલા રાખ્યા હોય તેમ જે છોડ મોલોલ ઉગતા હોય તેવું સરવનુ વાવેતર કરાવ્યું હોય તેમ કીયા વાવેતરને કીયા વરસ માં હવા અનકુળ છે એવા દાખલા રાખ્યા હોયતો? કુવા વાળા કરતા આ કાશીયા વાળાને નફો છે એમ શાબીત થવાનું એ વાત નક્કી છે વળી કુવેતર વાળા પોતે કુવો કરાવેછે પણ તે કરાવ્યો હોય ત્યારથી દર ફસલ પોતે અગર બીજા પાસે કુવાથી વાવેતર કરતો નથી તેમ કરવતો નથી કુવા પાછળ જે ખરચ કરયું હોયછે તેનું બ્યાજ અને મુડી વાળી લેવા માં હીસાબ રાખતાં નથી કુવા કરાવવામાં જો તમામ અગર થોડી પણ મુડી બ્યાજે ઉપાડી હોય તો તે તેમાં ડુબી જાયછે તેનો હીસાબ બરાબર સમજવામાં ખેડુતોમાં કોઇ વાત ધ્યાનમાં નથી

હાલમાં આપણે એમ તપાસીએ કે ગુજરાત કાઠીઆવાડ કચ્છમાં દરેક ગામમાં ખેતીના કામ માટે કેટલા કુવાછે તેમાં જે કુવાઓ જણાય એમાંથી બારે માસ એટલે ત્રણ ફસલ કુવાથી ખેતી કરવામાં વાપરેછે તેના કેટલા,

વળી એ ફસલ કાંમમાં વાપરયા એવા કેટલા તેમજ એક ફસલ ઉપયોગમાં લીધા એવા કેટલા ઉપયોગ સીવાય નકામા પડી રહ્યા તે કેટલાછે શીવાય વાપરવાને ન લાયક કેટલા છે શા કારણથી ન લાયક થયાછે તેનો હીસાબ રાખીયે તો ! તેમની પાછળ જે ખરચ કરવામાં આવ્યું છે તે ખરચનું વ્યાજ મુડી તે વાળવાની આશા છે એમ મને લાગતું નથી કુવાઓને ન લાયક માનવામાં બે કારણોતો મુખ્ય છે એકતો કુવાઓને રીપેર કરવાની સના નહી અગર આબારા બીજુ કુવાનું પાણી ફરી જવું એટલે બગડવું આ બેમુખ્યછે તેમાં સુધારો કરવાના વીચાર ઘણાજ થોડાના હોયછે હરકત આવી તેના સામા થવું એ કોઈમાં ટેવ નથી પણ હરકતથી દુર જવું તેની ખપ હોયતો તે નવું કરવું અથ બીજી હરકત ઉભી કરવી આવી ઘણા ખેડુતોને ટેવ પડીછે તેમને વીચારીને કામ કરતા આવડતુ નથી તેથી તેઓ નુકસાન ખમેછે સબળ શ્રીમંતાઈ વગર કુવાનુ વાવેતર થતુ નથી તેમજ સમજ જોઈએછીએ તે બે વગરની ઘણીજ નુકસાનીછે કોસ તાણવાના નાના બળદ અને ખેડવાના મોટા બલદ એમ જુદા રાખવા જેટલી શ્રીમંતાઈ હોય તેવો ખેડુત સમજીને કુવાનું વાવેતર કરે તોજ નફોછે વાવેતરમાં સમજ વાપરતાનથી માટે કુવાઓમાં જે નુકસાની આવેછે તેના દાખલામાં એક વાત એવી છેકે જવ ઘઉનું કુવાપર વાવેતર કરવામાં હાલ એક વીઘામાં બે મણ બીજ વાવેછે એજ તેમની ગેર સમજ છે જો સમજીને ખેતીના નીમ મુજબ સારા બીજથી પોહોળુ વાવેતર કરેતો ઘહુ જવના વાવેતરમાં પાંચ સેરથી વધારેન જોઈએ પણ હજી આ પ્રાન્તના ખેડુતો એટલી વાત સમજે હીંમત રાખે તેવા નથી પણ હાલમાં તેમની જે સમજ છે તેમજ તેમની પાસે જે બીજ છે તે તેઓ સમજીને વાપરેતો દસ શેરથી પંદર સેર બીજથી એક વીઘામાં વધારે જરૂર નથી પણ તેમની પાસે ઘરનું બીજ નથી પરઘરનું લાવવું બીજ આપનાર કે વેચનાર એવા નીરદય છે કે તેનું વરણન કરી શકાતું નથી વલી તેમનામાં તેની પુરી સમજ પણ નહી હોવાથી પોતે માલને ઓળખતાં નથી. કીયોમાલ કીયો કામનોછે એમ સમજતા નથી માત્ર મા

લ લાવીને નફો લેવો એટલું તેમનું જ્ઞાન છે આવુ ખાતરી વગરનું બી જ તમામ ઉગશે એમ આશા નહીં માટે વધારે નાંખેછે વળી કુવાનાં પડાની જમીનમાં ખાતર નાખી નાખીને એટલી કસમાં વધારી નાંખી છેકે તેમાં પાણીની તાણ અગર જાડા વાવેતરથી ભેગુ ઉગવુ તેનો ગરમી. ખાતરની ગરમીથી ઘણા છોડ ઉંગ્યા પછી બળી જાય છે માટે તેમને વધારે બીજ વાવવાની ટેવ પડી છે તે છોડાવવામાં મારી મેહેનતનો એક પણ દાખલો કોઇએ કરયો નથી પણ તેને માટે એક સરસ દાખલો છે તે એવો કે તા૦ ૨૦–૩–૧૯૦૨ ફાગણ સુદ૧૧ સંવત ૧૯૫૮ના રોજ અમદાવાદ જીલ્લાના દસકોઇ તાલુકાના નરોડા ગામમાં હું મારો ઉપદેશ ખેડુતોની હજુરમાં કરતો હતો તે વખતે એ ગામના એક પાટીદાર ખેડુતે મને એમ વાંધો બતાવવા માંડયો કે તમે જમીન કસદાર કરવાનુ કહો છો પણ મારી વાત સાંભળો એમ બોલી એવું કહ્યું કે મેં એક વીઘુ જમીન તમાકુ વાવવાને તઇયાર કરી તેમાં ખાતર નાંખ્યું પણ તમાકુનુ વાવેતર કરી શકયો નહી માટે ઘઉંનુ વાવેતર કરયું વાવેતર છોડ એવા સારા દેખાતા હતા કે સાઠ મણ ઘઉં થસે એમ આખુ ગામ માનતુ હતું પણ ફકત અઢાર મણ ઘઉં થયા તેનુ કારણ બતાવો. મેં મારો ઉપદેશ ચાલતો અટકાવી તેનુ કારણ બતાવવા માંડયું. કે તમારી જમીનમાં ખાતરની ગરમી વધારે હતી તેથી વાવેતતરથી છોડ નાના હતા તે વખત તમે જે પાણી આપતા હતા તેમ પાણી આપે ગયા પણ છોડ મોટા થયા તેથી વધારે પાણી જોઇએ તેમજ ખાતર વધારે તેની ગરમી નરમ પાડવા માટે વધારે પાણી જોઇએ તે હીસાબ તમે ન રાખવાથી ખાતરની ગરમી જાડા વાવેતરથી પાણીની તાણ પડી વાવેતર ટુંપાઇ ગયું:– જ્યારે દુધે ચઢવાનો વખત ત્યારે પાણી વધારેની જરૂર તે આપવાની ભુલથી કમી પાક આવ્યો છે આટલુ કહ્યું કે બીજો ખેડુત તરત બોલ્યો કે ખાતરવાડા વગરના દોઢ વીઘામાં છત્રીસ મણ ઘઉ થયા છે તે વાત ગામમાં છાની નથી પચીસ મણો વીઘો થયો ખાતરની ભુલથી પાણી વગર પાક ઓછો આવ્યો એમ ઉપદેશકનુ કહેવુ છે તેમાં કેમ વાંધો કહાડી શકાય ?

એ પ્રસંગ ઉપર ખેડુતો બોલવા માંડયા કે અમારો અનુભવ એમ થયો છેકે તમાકુ વધારે વાવીએ છીએ તેમાં કોરટ તમાકુમાં આગીયા નામનો છોડ ઉગતો નથી તેમ કોઇક વખતમાં પીત કરયું હોય તો તેમાં પણ આગીયાનો છોડ ઉગતો નથી પણ જે ખેતરમાં દર વરસ પીત કરીને તમાકુ વાવીએ છીએ તેમાં જેમ જેમ પીત કરવાના વરસ વધેછે તેમ તેમ આગીયાને ઉતેજન મલી વધારે ઉગેછે વલી તે છોડ તમાકુના થડમાં અગર તેના મુળને છેડે ઉગે છે તેથી તમાકુનો છોડ મરી જાયછે આગીયાનો છોડ ઉપાડીને તપાસીએ છીએ તો મુળ સહીત બહાર આવેછે ભેંસોનો તે ખોરાક છે તમાકુનો તો દુશ્મન છે ઉગીને બહાર દેખાવા માંડયો કે તરત છોડને મારી નાંખવા માંડેછે અમારી સમજ એવી છેકે તમાકુમાંથી તે ઉતપન થાય છે મેં કહ્યું કે મુળ સહીત છોડ નીકળે છે માટે તમાકુના છોડમાંથી કે મુલમાંથી ફણગો નીકળે છે માટે જુદુજ બીજ હોવું જોઇએ એક ખેડુતે જણાવ્યું કે રીંગણીના વાવેતરમાં પણ ઉગે છે માટે જમીનમાં અગર ખાતરમાં તેનું જુદુજ બીજ છે એમ નકી થયું પણ તમાકુ કે રીંગણીની ગરમીથી તે બીજમાં ઉગવાની શકતી આવેછે આગીયાના બીજ જમીનમાં જુદા છે પરંતુ તેને ઓલખવાની તપાસ કરવાની કોઇ મેહેનત કરતું નથી એ મહેનત થાય તોજ બીજનો પતો મળે એમ નકી થાયછે.

એકંદરથી કહેવાનુ એ છે કે ખેડુતો પોતાની મીશ્રણ ખેતી કરવામાં લાંબી જમીનનું વાવેતર કરવાથી તમામ જમીન કસદાર કરી શકતા નથી અને કીયા મોહોલને કેટલું ને ક્યારે ખાતર નાંખવું તે જાણુતા નથી અટકળે વધારે ઓછુ નાંખે છે તેમજ દરેક મોહોલનું જાડુ અને સાંકડુ વાવેતર કરે છે વલી લાયક બીજ હોતુ નથી વાવવાની તક સાચવતા નથી—પીતમાં ક્યારે કેટલું પાણી આપવું પડશે તેનો હીસાબ રાખતા નથી જેમ છોડ ઉગનાં જો પાંચ દીવસે પાણી આપવાનુ હોયતો નીબલતી વખતમાં ત્રણ દીવસે કે તેથી પણ જલદી આપવું તેમાં શું ફાયદો છે તે તપાસતાં નથી આવી સબ ભુલો કરે છે એથી નફાનો ભાગ ઉડી જઈ ખોટના ખાડામાં ઉતરે છે.

માટે તેમાં સમજી કામ કરવાથી નફો મલવાનો વલી મીશ્રણ ખેતી કર
મજવાન હોવો જોઇએ તે વગર તમામમાં નુકસાન કારક બાત થઇ પ
વાત તમો ન માનોતો નમુનાનો ચણોતર એક બાજુએ રાખી મુકયુ છે
તપાસો નડીયાદ વસો કરમસદ વીગેરે ગામો જ્યાં સમજ વાલા ખેડુતે
તપાસો તો તેઓ દસ વરસે જમીન ખોદાવે છે વાસેલ રાખેછે પોતાની
જમીન કસદાર કરી પછી કુવાનું વાવેતર કરે છે ત્યારેજ તેમને નફો
તેઓ કેટલી જમીન હોળાથી વાવે છે તે સમજો તો તમારે મોટો પાક
માફક આવવાનો અગર ગણોત સારૂ મલવાનુ એતો નકકી છે ચણોત
ખાણ્યું છે પરંતુ સીમાડીયા જમીનની સંભાલ તેમનામાં થોડીછે, તે
તેઓનુ કામ છે તમારે જોવાનું નથી.

આ મારા વીચારની વીરૂધ મત આપનાર જે દાખલા આપસે તેના સામા
મને આવડે તેવા રદીયા આપીશ એટલે ખરૂ નકી થસે ઘઉં જવની રવીની ખે-
તીમાં ગેરૂ આવે છે તે રોગનું કારણ સોધતાં એનું વાવેતર ચીતરાઉં તરતાં
ખાતર થોડું પાણી વધારે તેમાં એ રોગ ઓછો આવે છે મોડું વાવેતર ખા
તર વધારે પાણીની તાણ તેમાં ગેરૂ ઘણો આવે છે પણ ચાસીયા ઘઉંમાં આ-
વતો નથી તે વીચારમાં લેવું કે ભુલ કયાં છે તે સમજાશે પ્રાંત કરી જે ખે
આં વાવે છે તેનું નામ વાડી છે તે વાડ બંધ હોય છે તે વાડમાં નરમા કપ
ની જાત છે તે જરૂર વાવવું તે ઉપજ કરે તેવું ઝાડ છે તે નહી વાવે તેર
વગર મહેનતનો લાભ મલશે નહીં પોતાની ખેતીમાં જે જમીન રોકી હોય
ની સરેરાશ ઉપજ આગની ઉમદી જમીનમાં આટલો પાક આવ્યો એમ ગ
મારી ફુલવું નહીં બાકીની જમીન ઉમદી કરવી છે અને આટલી ઉમદી !
છે આટલું બોલી મેહેનત કરી સમજી ને કામ કરશો એટલી મારી આશા

ખેતીવાડીના ઉપદેશક,

આદીતરામ સલુખરામ પારધી સમીવાળા,

અમદાવાદ—રાયપુર આકાશેઠના કુવાની પોલ.